



## મોડાસા ચાર રસ્તા પર અરવલ્લી કિસાન સભાના જેલ ભરો આંદોલનમાં ૨૫ પ્રદર્શનકારીઓની અટકાયત

અખિલ ભારતીય કિસાન સભા દ્વારા કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિના પગલે ખેડૂતોની હાલત દયનિય બનતા ઐતિહાસિક દિવસ ૯મી ઓગસ્ટ કવીટ ઈન્ડિયા ચળવળ અભિયાનના દિવસે જેલ ભરો આંદોલનનું સમગ્ર દેશમાં આહવાન કરવામાં આવતા અરવલ્લી જીલ્લા કિસાન સભાના કાર્યકરો મોટી સંખ્યામાં મોડાસા ચાર રસ્તા પર ઉતરી પડ્યા હતા અને વિરોધ પ્રદર્શન કરતા ૨૫ જેટલા પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી. મોડાસા ચાર રસ્તા ખાતે ૯ ઓગસ્ટના રોજ અરવલ્લી જીલ્લા કિસાન સભાના અગ્રણી ડાહ્યાભાઈ જાદવ, પ્રોફે. પ્રાગજી ભાંભી, અગ્રણીઓ સહીત કાર્યકરોએ કેન્દ્રની મોદી સરકારની કિસાન વિરોધી નીતિઓ સામે જેલ ભરો આંદોલન કાર્યક્રમ અંતર્ગત પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ‘‘નરેન્દ્ર મોદી ગાદી છોડો’’ ‘‘નરેન્દ્ર મોદી દિલ્હી છોડો’’ ના નારાઓ સાથે હલ્લાબોલ કરી ગરીબ કિસાનો અને ખેત મજૂરોને સર્વ પ્રકારના દેવામાંથી મુક્ત કરવા સ્વામીનાથન કમિશનની ભલામણો સ્વીકારી ખેડૂતોને ઉત્પાદનના ખર્ચ કરતા દોઢ ઘણા ભાવ આપવાની માંગણી કરવા સહીત સાબર ડેરી દ્વારા જાહેર કરાયેલા ભાવફેરના ૯.૫ ટકા કરતા ૧૦ ટકા દૂધ ઉત્પાદકોને ભાવફેર સહિતની માંગણીઓ ઉચ્ચારી હતી. પ્રદર્શનકારીઓના પ્રદર્શન પગલે પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.

# કાંકરેજ તાલુકાના ચાંગા નર્મદા કેનાલમાં એક સાથે બે યુવતીઓએ ઝંપલાવ્યું, શોધખોળ ચાલુ

કાંકરેજ તાલુકાના ચાંગા નર્મદા કેનાલમાં કોઈ અગમ્ય નર્મદા કેનાલ હોટ ફેવરીટ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે એક દિવસ બે કલાક સુધી દિનેશ ચૌધરી અને બીજા લોકોપણ પાણી માં પડીને



કારણોસર બે યુવતીઓ એ એક સાથે ઝમપલાવ્યું એની અનેક અટકળોનો દોર શરૂ થયો સે જોકે પોલીસ ઘટના સ્થળ ઉપર આવી સ્થાનિક તરવૈયા ઓ ની મદદથી બંને યુવતીઓ ની શોધખોળ શરૂ કરીદિધી સે પરંતુ હજુસુધી કોઈ પત્તો લાગ્યો નહિ આમ વારંવાર સાસ વારે આવી ડૂબવાની અને આત્મહત્યા કરવા માટે ચાંગા ની પહેલાં આકોલી નો એક યુવાન ખારીયા કેનાલમાં ડૂબી મર્યો ત્યારે ચાંગા માં એક સાથે બે યુવતીઓ ના એકસાથે કોઈ અગમ્ય કારણસર પડતું મુકવાની ઘટના સામે આવતાં હાહાકાર મચી જવા પામ્યો છે ત્યારે તાલુકાના તંત્ર દ્વારા તરવૈયા ની વ્યવસ્થા કરવામાં આવી હતી અને યુવતીઓ ના મૃતદેહ ની શોધખોળ શરૂ કરી હતી પણ સતત શોધખોળ શરૂ કરી છે ત્યારે આ રીતે એક સાથે બંને યુવતીઓ એ કેમ કેનાલમાં ઝમપલાવ્યું એ એક યક્ષ પ્રશ્ન ઊભો થવા પામ્યો સે ત્યારે હવે આ યુવતિઓ કોણ સે ક્યાંની સે અને કયા કારણોસર કેનાલમાં કુદી એવિશે હજુ જાણકારી મળી નહિ જોકે થરા પોલીસ ઘટના સ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## ટીંટોઈની શ્રી પી.પી.એમ. કોઠારી હાઈસ્કૂલનું ગૌરવ

મોડાસા તાલુકાની શ્રી પી.પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈના વિદ્યાર્થીઓ ઘાંચી મ. રોશન, ખેરાડા મ. સાહિલ, મકરાણી સલમાન, ખત્રી મિત, પંચાલ ભાવિકે જિલ્લાની અંડર નાઈન્ટીન કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ આવી શાળાનું ગૌરવ વધારેલ છે. આ વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાએ ભાગ લેશે.




ટીંટોઈની શ્રી પી.એમ.કોઠારી હાઈસ્કૂલ ખાતે જિલ્લા નાયબ પોલીસ વડા જાગૃતિબેન પટેલની ઉપસ્થિતિમાં મહિલા સશક્તિકરણ સપ્તાહ ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં છાત્રોને વિવિધ સ્વચ્છતા સહિતની પ્રવૃત્તિઓ અંગે વિશેષ અવગત કરવામાં આવ્યા હતા. જેમાં ચેરમેન પ્રહલાદસિંહ ટોમબાપુ, માનદમંત્રી સલીમભાઈ અને આચાર્ય વિજયભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા.

## મહેસાણા જિલ્લા પંચાયતમાં નિવૃત ડ્રાઈવરોનો વિદાય સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૯

મહેસાણા જિલ્લા પંચાયતની વિવિધ શાખા તેમજ તાલુકા કચેરીમાં ફરજ બજાવતા વર્યમર્યાદાના કારણે નિવૃત આઠ ડ્રાઈવર કર્મયોગીઓનો રવિવારે વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં ડ્રાઈવર એસોશિયેશનના પ્રમુખ કાળુજી રાઠોડ, મંગાજી ઠાકોર, ગોવિંદજી ઠાકોર, માધુજી ઠાકોર, ધનજીભાઈ ચૌધરી, ગલુભાઈ ચૌધરી, સતીષભાઈને સ્નેહીજનોએ વિદાય આપી હતી. આ પ્રસંગે એસોશિયેનના મંત્રી લાખાભાઈ દેસાઈ તથા અન્ય સભ્યો અને સગાં સ્નેહીજનોએ સાલ ઓઢાડી સન્માન કરી શુભકામનાઓ પાઠવી હતી.

## બહેડિયા પ્રાથમિક શાળા દ્વારા વાલી જાગૃતી માટે ઓટલા બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા તાલુકાની બહેડિયા ૧ શાળાના વાલીઓનો સંપર્ક કરી તેમના મહોલ્લામાં વાલીઓને તેમના બાળકોના શિક્ષણ માટે જાગૃતી લાવવા બી.આર.પી. કંદરપ એન. જોષી અને શાળા દ્વારા ઓટલા બેઠકનું આયોજન કર્યુ હતુ. આ બેઠકમાં બાળકોને નિયમિત શાળામા મોકલવા તેમ જણાવ્યું હતુ. આ ઉપરાંત સરકારી યોજના મફત ફરજિયાત શિક્ષણ વિશે વાત કરી સમજાવવામાં આવ્યા હતા. શિક્ષકો દ્વારા વિનંતી કરવામા આવી હતી કે તમે રોજ અમને તમારૂ બાળક શાળામા મોકલો બાકી તેમનુ ઘડતર કરવાની જવાબદારી અમે લઈએ છીએ. આ માટે વાલીઓએ સંમતી આપી હતી. જાગ્રુત શિક્ષક દ્વારા દરેક ગામે ગામ ઓટલા બેઠક થાય સુંદર પરિણામ મળે એમ છે.

### અરવલ્લી જિલ્લામાં શામળાજીના સર્વોદય કેન્દ્ર ખાતે

# આદિવાસી સમાજની ભવ્ય પ્રાચિન સંસ્કૃતિના વારસાને ટકાવી રાખવા માટે આ દિવસનું અનોખું મહત્વ છે

મોડાસા,તા.૯

આજરોજ અરવલ્લી જિલ્લામાં શામળાજીના સર્વોદય કેન્દ્ર ખાતે જીઆઈડીસી અધ્યક્ષ બળવંતસિંહની ઉપસ્થિતિમાં ‘‘વિશ્વ આદિવાસી દિવસ’’ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિતના અગ્રણીઓ,કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આદિજાતી વિકાસ વિભાગ, ગાંધીનગર તથા પ્રાયોજના વહીવટદારની કચેરી, મોડાસા દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી, આદિવાસી સેવા સમિતિ શામળાજી (નૃસિંહધામ) સર્વોદય કેન્દ્ર, શામળાજી ખાતે ગુજરાત જી.આઇ.ડી.સી.ના અધ્યક્ષ શ્રી બળવંતસિંહજી રાજપુતના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

આ પ્રસંગે અધ્યક્ષ શ્રી બળવંતસિંહજી રાજપુતે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, દેશના જુદા જુદા ભાગોમાં અંગ્રેજોની સામે પોતાના સાર્વભૌમિત્વ અને દેશની સ્વતંત્રતા માટે અનેક આદિવાસી વિરોના નેતૃત્વમાં ચળવળો કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં આદિવાસી વિરો શહીદ થયાં. આ ચળવળોથી અંગ્રેજ સરકાર પણ પોતાના કાયદાઓમાં સુધારા કરી પ્રજાને વધુ લાભ થાય તે માટેના સુધારા કરવા મજબુર થયાંના ઘણાં ઉદાહરણો છે. દેશની આઝાદીની લડાઈમાં દેશના અનેક રાજ્યોનાં આદિવાસી વિરોએ બલિદાનો આપ્યાં છે. જેમાં બીરસામુંડા, તાત્યાભીલ, રાણી ગડનીલું, નિરોતસિંગ અલોરી, સીતારામ રાજુ, રૂપા નાયકા, ગુરૂ ગોવિંદનો સમાવેશ થાય છે. સાબરકાઠા જિલ્લામાં પાલ-દઢવાવમાં અંગ્રેજો સામે લડતાં



લડતાં ૧૪૦૦ આદિવાસીઓ શહીદ થયા. આદિવાસી સમાજના ભવ્ય ઈતિહાસ અને ગૌરવવંતી સંસ્કૃતિમાંથી પ્રેરણા લઈ તેની ઉજ્જવળ પરંપરા અને અસ્મિતાને ટકાવી રાખવાના પ્રયત્નના ભાગ સ્વરૂપે પ્રતિ વર્ષ. જળ, જંગલ, જમીન અને પર્યાવરણ સાથે જોડાયેલી આદિવાસી સમાજની ભવ્ય પ્રાચિન સંસ્કૃતિના વારસાને ટકાવી રાખવા માટે આ દિવસનું અનોખું મહત્વ છે એમ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ(જેડા)ના ચેરમેન શ્રી ઈશ્વરભાઈ ભાવસારે જણાવ્યું હતું કે, આદિવાસીઓ પોતાના હક્કો અને પ્રશ્નોથી વાકેફ થઈ, તેમના ગૌરવ અને રક્ષણ માટે પ્રતિબધ્ધ થાય તે આ ઉજવણીનો ઉદ્દેશ છે અને આદિવાસીઓ સ્વમાનભેર જીવન જીવી શકે અને અન્ય સમાજની હરોળમાં આગળ આવે તે જરૂરી છે.

# ખેડબ્રહ્મા ખાતે ઉજવાયો વિશ્વ આદિવાસી દિવસ

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા ખાતે ગુરુવારના રોજ વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી આરડે એકતા ઈન્સ્ટિટયૂટ ખાતે કરવામાં આવી હતી. જેમાં ગુજરાત સરકારના વિવિધ કાર્યોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા.

ખેડબ્રહ્મા ખાતે વિશ્વ આદિવાસી દિવસનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રી સ્ટેજ ઉપર આદિવાસી સમાજ પરંપરાગત તલવાર તીર કામઠા અને માટીના ગોળા દ્વારા સ્વાગત કર્યુ હતું. જ્યારે જિલ્લા વહીવટીતંત્ર ખેડબ્રહ્મા નગરપાલિકા સરપંચ એસોસિયેશન આરડેકતા ઈન્સ્ટિટયૂટ તથા વિવિધ સંગઠનો દ્વારા નિતિનભાઈ પટેલને વિવિધ કલાકૃતિઓ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

નીતીનભાઈ પટેલ દ્વારા રાજ્યના કિશોર અને કિશોરીઓમાં કુપોષણ દુર કરવાની માહિતી પુસ્તિકા કોફી ટેબલ અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સરકાર દ્વારા વિવિધ યોજનાઓ યોજનાઓ આવી હતી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે અખંડ રીત-રિવાજ ટકી રહ્યા હોય તો આદિવાસી સમાજ છે. આદિવાસી સમાજ કુદરત અને કલાપ્રેમી હોય છે, અત્યારના યુગમાં મોબાઈલ અને ટીવીનો યુગ હોવા છતાં આદિવાસી સમાજની સંસ્કૃતિ ટકી રહી છે. આદિવાસી સમાજ લડવૈયો અને ખમીરવંતો છે આદિવાસી સમાજ ભલે દૂર-દૂર જંગલમાં રહેતો હોય પરંતુ ગુજરાત સરકાર તેમની સાથે જ છે. ભૂતકાળની સરકારો આદિવાસીનો મતલબ લંગોટી પહેરી ફરતો માણસ કરતી હતી જે આજે ડોકટર એન્જિનિયર બની ગયો છે. ભૂતકાળમાં આદિવાસીને શિક્ષણ આરોગ્ય અને ધંધો-રોજગાર ન મળતા હતા જ્યારથી ભાજપ સરકાર આવી છે ત્યારથી આદિવાસી સમાજ આગળ વધતો થયો છે. આદિવાસી સમાજનો યુવાન આજે એન્જિનિયર થતો ગયો છે. તેમણે જણાવ્યું હતું કે ૯૯૫ ભાજપ સરકાર આવી ત્યારે મેડિકલ એક હતી આદિવાસી સમાજની સીટો ખાલી રહેતી હતી અત્યારે ગુજરાત સરકારના પ્રયત્નોથી ૪૫૦૦ સીટો છે. આદિવાસી સમાજનો યુવક ભણી-ગણીને ડોકટર બન્યો છે, ગુજરાત સરકારે હાલમાં વિવિધ ક્ષેત્રોમાં ૮૦૦૦૦ ભરતીઓ કરી છે જેમાં ૧૫ ટકા આદિવાસી સમાજના યુવકોને નોકરી મળી છે અને ગરીબ આદિવાસી જીવનધોરણ ઓછું થયું છે તેમણે કહ્યું હતું અમો વાતો નથી કરતા અમો જે કહીએ છીએ તે કરીએ છીએ તેમણે આદિવાસી વિસ્તારોમાં પાણીની અછત હોય ત્યાં ડ્રિપ ઈરિગેશન પદ્ધતિ અપનાવવા આહવાન કર્યુ હતું.



ત્યારબાદ નીતીનભાઈ પટેલ દ્વારા હિંમતનગર અંબાજી રોડ હરણાવ હૈંદ્રિ્પ્રી સાબરમતી હૈંદ્રિ્પ્રી ખેડબ્રહ્મા અને વડાલીના રિજિર્રેજી મળી કુલ ૧૭૫ કરોડ અને માર્ગ અને મકાન વિભાગ પંચાયત ૨૪ કરોડના કામો મળી કુલ ૨૦૦ કરોડના કામોનું લોકાર્પણ કર્યુ હતુ ત્યારબાદ આદિવાસી સમાજના એસ.એસ.સી અને એચ.એસ.સી માટ પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને તથા આદિવાસી સમાજના વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજ્યકક્ષાએ અને દેશ કક્ષાએ વિવિધ રમતોમાં આગળ આવેલા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા જ્યારે લાભાર્થીઓને કેટ અને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રમીલાબેન બારા, અશોકભાઈ જોશી, અશ્વિનભાઈ કોટવાલ, રાજેન્દ્રસિંહ ચાવડા, એસપી તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડામાં વિશ્વ આદિવાસી દિન નિમિત્તે મહારેલી

ભિલોડા,તા.૯

આદિવાસી સમાજનો ભવ્ય ઈતિહાસ અને ગૌરવંતી સંસ્કૃતિમાંથી પ્રેરણા મેળવી તેની ઉજ્જવળ પરંપરા,અસ્મિતાને ટકાવી રાખવાના ભાગરૂપે પ્રતિ વર્ષે વિશ્વ આદિવાસી દિવસ તરીકે ૯મી ઓગસ્ટના દિને આદિવાસી દિવસ તરીકે ઠેર-ઠેર ભવ્યાતિભવ્ય ઉજવણી યોજાય છે. જળ, જંગલ, જમીન અને પર્યાવરણ સાથે જોડાયેલી આદિવાસી સમાજની પ્રાચીન સાંસ્કૃતિક વારસાને ટકાવી રાખવા માટે વિશ્વ આદિવાસી દિવસનું અનેરૂ મહત્વ આદિવાસી સમાજમાં અંકબધ્ધ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે વિશ્વ આદિવાસી દિન નિમિત્તે આદિવાસી સમાજમાં જનજાગૃતી સંદર્ભે મહારેલીનો કાર્યક્રમ યોજાયો હતો. ધોલવાણી ત્રણ રસ્તા પર આવેલ બિરસામુંડા ચોકથી આદિવાસી સાંસ્કૃતિક ગૌરવ યાત્રાનું પ્રસ્થાન સામાજીક આગેવાનોએ કરાવ્યું હતું. ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો. હૈયે હૈયું ભીડાય તેવી રીતે માનવ મહેરામણ સ્વયંભુ રીતે વિશાળ મહારેલીમાં ઉમટ્યું હતું. આદિવાસી સમાજના




નવયુવાનો ધ્વારા બાઈક રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા-ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર ટ્રાફીક ચક્કાજામ થઈ ગયો હતો.

આંતરરાષ્ટ્રીય આદિવાસી દિન નિમિત્તે આદિવાસી સાંસ્કૃતિક ગૌરવયાત્રાના આયોજકો આદિવાસી એકતા મંચ, ભિલોડા, આદિવાસી એકતા મંચ, અરવલ્લી / સાબરકાંઠા,આદિવાસી જનજાગૃતિ મંડળ ભિલોડા,પેશા એકશન ગ્રૃપ,ઉત્તર ગુજરાત, આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ સાબરકાંઠા-અરવલ્લી, આદિવાસી મહિલા વિકાસ સંઘ ભિલોડા, લોક મંચ ભિલોડા, ભારતીય આદિવાસી અધિકાર પંચ ભિલોડા સહિત વિવિધ સંગઠનોના હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા આયોજન કરાયું હતું.

૯મી ઓગસ્ટનો દિન એટલે આદિવાસીઓનો પોતાના સ્વમાનના દિવસ તરીકે ઉજવણી કરી ગૌરવવંતો બનાવ્યો હતો.વિશ્વ આદિવાસી દિન નિમિત્તે રેલીમાં આદિવાસી સમાજના નવયુવાનો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આદિવાસી સમાજના રાજકીય,સામાજીક અગ્રણી આગેવાનો,નવયુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસી સમાજની મહારેલી દરમ્યાન આદિવાસી સમાજની સંસ્કૃતિ જાળવી રાખવા માટે આદિવાસી પહેરવેશ, લેઝીમ, ઢોલ, કુંડી, થાળી, શરણાઈ, તીર-કાંમઠાનો પણ ઉપયોગ કર્યો હતો. આદિવાસી સમાજના સામાજીક રીતી-રીવાજો, પરંપરાગત સંસ્કૃતિ જાળવી રાખવા, જંગલ અને જમીનની રક્ષા કરવા માટે સઘન પ્રયત્નો હાથ ધરવા માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. એક તીર એક કમાન આદિવાસી સબ એક સમાન ના સુત્રોચ્ચારો પોકાર્યા હતા. આદિવાસી વિસ્તારના આદિવાસીઓના અધિકારો અને હક્કોની જાણકારી સંદર્ભે અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાંથી આવેલ ગામડાઓમાં પ્રજાજનોએ અપાઈ હતી.આદિવાસી સમાજના ભાઈઓ તથા બહેનોમાં આનંદ,ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

આદિવાસી એકતા મંચ ભિલોડા અને આદિવાસી ડુંગરી ગરાસિયા જનરલ પંચ-સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત વિવિધ સંગઠનોના હોદ્દેદારો ધ્વારા ભિલોડા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે (૧) ફોરેસ્ટ એક્ટ-૨૦૦૬ ની અમલવારી કરવી (૨) આદિવાસી વિસ્તારમાં શિક્ષણ અને આરોગ્યની સુવિધા વધારવી (૩) અનામત નિતીનું અમલીકરણ કરવું (૪) આદિવાસી વિસ્તારમાં વિકાસના બજેટમાં અલગથી જોગવાઈ કરવા અનુરોધ કર્યો હતો. આદિવાસી વિસ્તારની અલગ કાઉન્સીલ બનાવી આ વિસ્તારને કેન્દ્રના સીધા વહીવટ હેઠળ રાખી આદિવાસી વિસ્તારના પ્રજાજનોને વિકસીત રાજ્યોના પ્રજાજનોનો જે રીતે વિકાસ થયો છે તેવી રીતે હરોળમાં લાવવા માટે આદિવાસી સમાજના પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.